# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/191 Dt. 18/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગ્રો બિઝનેસ વીથ રિસિવેબલ સેફટી થ્રુ ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યુરન્સ વિષય પર સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૭ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ગ્રો બિઝનેસ વીથ રિસિવેબલ સેફટી થ્રુ ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યુરન્સ' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં મુંબઇના ટાટા એઆઇજીના ક્રેડિટ ઈન્શ્યોરન્સ અન્ડરરાઇટર શ્રી કાર્તિકેયન મિશ્રા અને અમદાવાદના કેર ઈન્શ્યોરન્સ એસોસિએટસ એન્ડ ફેટલ ઈન્શ્યોરન્સના શ્રી ૠષભ ઝવેરીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકોને તેમના બિઝનેસના રિસિવેબલ્સને સુરક્ષિત રાખવા માટે ઈન્શ્યોરન્સના અસરકારક ઉપાયો અંગે જાણકારી મળી શકે તે હેતુથી આ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા આવા નોલેજ શેરીંગ સેશન્સનું આયોજન કરીને ઉદ્યોગ જગતને આધુનિક ફાઇનાન્સિયલ તથા રિસ્ક મેનેજમેન્ટ ટૂલ્સ અંગે જાગૃત કરવાનું સતત કાર્ય કરવામાં આવે છે.

વકતાઓ શ્રી કાર્તિકેયન મિશ્રા અને શ્રી ૠષભ ઝવેરીએ ટ્રેડ ક્રેડિટ ઈન્શ્યોરન્સ કેવી રીતે ખરીદદારોના ડિફોલ્ટ, ઇન્સોલ્વન્સી અથવા પેમેન્ટમાં વિલંબ જેવી પરિસ્થિતિઓ સામે બિઝનેસને સુરક્ષિત રાખે છે તે અંગે વિગતવાર માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે, આ ઈન્શ્યોરન્સ ઉદ્યોગ સાહસિકોને આત્મવિશ્વાસપૂર્વક પોતાના બિઝનેસનું વિસ્તરણ કરવા માટે મદદરૂપ બને છે અને ક્રેડિટ રિસ્ક ઘટાડીને ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ ટ્રેડને

વધુ સુવ્યવસ્થિત બનાવે છે. આ સેશનમાં ચેમ્બરના સભ્યો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા વક્તાઓ સાથે ટ્રેડ ક્રેડિટ ઈન્શ્યોરન્સના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી હતી.